

# પ્રકરણ ૨૩

# દેશ-પરદેશ

આજે સવારથી ઝીલના ઘરમાં દોડધામ છે. અરવિંદકાકા અને તેનું કુટુંબ પાંચ વર્ષ પછી ઘરે આવવાનું છે. પાંચ વર્ષ પહેલાં અરવિંદકાકાને અબુધાબીમાં નોકરી મળી હતી. ત્યારથી જ તેઓ ત્યાં રહેતા હતા. ઝીલ અને તેના પિતા તેમને લેવા વિમાનમથકે ગયા.

વિમાન હવામાંથી જમીન પર નીચે ઊતર્યા પછી, મુસાફરોએ પોતાનો સામાન લેવા માટે થોડો સમય રાહ જોવાની હોય છે. અંતે અરવિંદકાકા, નીતાકાકી અને તેમનાં બાળકો બહાર આવતાં દેખાયાં. ‘‘હેન્સી અને પલ કેટલાં મોટાં થઈ ગયાં છે.’’ પપ્પા બોલ્યા, બધો સામાન ગાડીમાં ગોઠવી અને બધા ઝીલના ઘર તરફ નીકળ્યાં.

ઝીલે કહ્યું, ‘‘હેન્સી, તું લાંબી મુસાફરીથી થાકી ગઈ હશે, પપ્પા કહેતા હતા કે અબુધાબી ભારતથી ખૂબ જ દૂર છે.’’


**શિક્ષક માટે :** બાળકોને પૃથ્વીના ગોળા કે દુનિયાના નકશામાં વિવિધ સ્થળો બતાવવાં અને તેની આબોહવા, વનસ્પતિ, ચલણી નાણું વગેરે પર ચર્ચા કરવી.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

હેન્સીએ કહ્યું, ''અરે ના, અમે બિલકુલ થાક્યાં નથી. અબુધાબી ભલે ભારતથી દૂર છે પણ વિમાનથી આવતાં માત્ર બે કલાક જ લાગ્યા. વિમાન ખૂબ જ ઝડપથી ઊડે છે.''



ઝીલ આશ્ચર્યમાં હતી. જ્યારે તે શાળામાંથી દિલ્લીના પ્રવાસે ગઈ હતી ત્યારે તેને ટ્રેનમાં વીસ કલાક લાગ્યા હતા. પરંતુ નકશામાં જૂનાગઢ અને દિલ્લી ખૂબ જ નજીક લાગે છે. ઝીલ, હેન્સી અને પલે વિમાનમથકથી ઘર સુધી ખૂબ જ વાતો કરી. ઝીલ તેને પ્રવાસમાં કેટલી મજા આવી હતી



તે યાદ કરતી હતી. તે ઇચ્છતી હતી હેન્સી તેના અબુધાબીના પ્રવાસ (trip-ટ્રિપ) વિશે બધું જ કહે.

## રેતી જ રેતી !!

ઝીલે પૂછ્યું, ''તમે વિમાનમાંથી ઘણીબધી રસપ્રદ વસ્તુઓ જોઈ હશે, ખરું ને ?''

A9U9V9

હેન્સીએ કહ્યું, ''મોટા ભાગે અમે વાદળો જોયાં કારણ કે વિમાન ઘણું જ ઊંચે હતું, વાદળો કરતાં પણ ઊંચું.'' તે ખૂબ ઊંચે જાય તે પહેલાં અમે જોયું કે તે રેતાળપ્રદેશ પરથી ઊડી રહ્યું હતું. ત્યાં રેતી જ રેતી હતી, પરંતુ રેતીના રંગ બદલાયા કરતા હતા - સફેદ, કથ્થાઈ, પીળો, લાલ, કાળો. અમે રેતીના પર્વતો પણ બનેલા જોયા.'' પલ બોલ્યો, ''તે રેતીના ઢૂવા (sand dunes-સૅન્ડ ડ્યુન્સ) કહેવાય છે.'' ઝીલે કહ્યું, ''મેં રેતી ફક્ત દરિયાકિનારે જોઈ છે.'' અરવિંદભાઈએ કહ્યું, ''તો તારે અમારે ત્યાં આવવું જ જોઈએ.''





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



અબુધાબીની આજુબાજુના દેશો રણપ્રદેશમાં આવેલા છે. જો શહેરથી થોડા દૂર જઈએ તો માઈલો સુધી રેતી જ દેખાય. ના વૃક્ષો, ના લીલોતરી, માત્ર રેતી.

નીતાકાકીએ કહ્યું, ''હું ગુજરાતમાં આપણા ઘરની આજુબાજુની ગાઢ લીલોતરી (greenery-ગ્રીનરી) અને ઠંડકના સપનાં જોયા કરતી હતી. આ બધું ઘણાં લાંબા સમય પછી જોઈ હું ખૂબ જ ખુશ થઈ છું.''

વરસાદ કેવો હોય ? એ વાત તો હેન્સી અને પલ ભૂલી જ ગયાં છે. તમે જાણો છો રણપ્રદેશમાં વરસાદ નથી પડતો. ત્યાં પાણી ખૂબ જ કીમતી (precious-પ્રેશિયસ) છે. ના વરસાદ, ના નદીઓ, ના તળાવો, ના ખાબોચિયાં. જમીનની અંદર પણ પાણી હોતું નથી. પલે ઉમેર્યું, ''પરંતુ, રેતીમાં ઘણું બધું તેલ હોય છે તેથી આ દેશોમાં પેટ્રોલ સરળતાથી મળી રહે છે.'' અરવિંદકાકાએ કહ્યું, ''પેટ્રોલ ખરેખર પાણીથી સસ્તું છે.''

વાતો કરતાં-કરતાં બધાં ઝીલના ઘરે પહોંચ્યાં. હેન્સી અને પલ ઘણાં બધાં ફળોનાં વૃક્ષો જોતાં જ રહ્યાં. કેળાં, નાળિયેર, ફણસી, પપૈયા, સોપારી. કેટલા પ્રકારનાં વૃક્ષો ! પલે કહ્યું, ''અમે ત્યાં ફક્ત એક જ પ્રકારનું વૃક્ષ જોયું છે - ખજૂર, કારણ કે તે એક જ છે જે રણમાં ઊગી શકે છે.








Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## કેટલી સુંદર ભેટસોગાદ અને ફોટોગ્રાફ્સ !



બધાંને મળ્યા પછી નીતાકાકીએ તેમની બૅગ ખોલી. તેઓ બધાં માટે ભેટ લાવ્યાં હતાં. સ્વાદિષ્ટ અને મીઠી-મીઠી ખજૂર પણ. પલે ઝીલને કેટલીક નોટો અને સિક્કાઓ બતાવ્યા. હેન્સીએ સમજાવ્યું કે તેઓ અબુધાબીમાં જે પૈસાનો ઉપયોગ કરે છે તેને 'દિરહામ' કહે છે. તેના પર ત્યાંની સ્થાનિક ભાષા - અરબી ભાષામાં કંઈક લખેલું હોય છે. તેઓ જ્યાં રહેતાં હતાં તે જગ્યાના કેટલાક ફોટોગ્રાફ્સ પણ બતાવ્યા.



અરવિંદકાકાએ ઝીલને પૃથ્વીનો ગોળો આપ્યો. તેમણે કહ્યું, ''ઝીલ તું આ ગોળા પર શોધી કાઢ અબુધાબી ક્યાં છે ? અને ગુજરાત ક્યાં છે ?'' બાળકોએ ગોળા સાથે ખૂબ જ મજા કરી અને તેના પર અલગ-અલગ જગ્યાઓ જોઈ. ઝીલે દિલ્લી અને જૂનાગઢ પણ શોધ્યાં.

સાંજે બધાં ચોકમાં બેઠાં, હવાની મજા માણતાં ફોટોગ્રાફ્સ પણ જોયા. તેઓએ જોયું કે અબુધાબીમાં મકાનો ખૂબ ઊંચાં અને કાચની બારીઓવાળાં હતાં. ઝીલે કહ્યું, ''આ બારીઓમાંથી મસ્ત ઠંડી હવા આવતી હશે.'' અરવિંદકાકાએ કહ્યું, ''અમે તાપના કારણે બારીઓ ખોલી જ શકતાં નથી. મોટા ભાગે ઘરોમાં એ.સી. હોય છે. ખૂબ જ ગરમીના કારણે ત્યાંના લોકો હળવા





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

સુતરાઉ કપડાં પહેરે છે અને પોતાની જાતને આખા કપડાંથી ઢાંકેલા રાખે છે - તેમનું માથું પણ ઢાંકેલું હોય છે. આ તેમને સૂર્યના સખત તાપથી બચાવે છે.''



ઝીલને તેના પિતરાઈઓ સાથે ફોટોગ્રાફ્સ જોવાની અને બીજા દેશ વિશે જાણવાની ખૂબ મજા પડી. તે તેના શહેર અને તેઓએ અબુધાબી વિશે જે કહ્યું તેને સરખાવ્યા કરતી હતી. તેણે અબુધાબી વિશે પોતાના વર્ગ માટે પણ અહેવાલ બનાવવાનું નક્કી કર્યું.

## ચર્ચા કરો અને લખો :

- તમે જ્યાં રહો છો તે જગ્યા સાથે અબુધાબીને સરખાવતો અહેવાલ તમે પણ બનાવો. તમે નીચે આપેલા અમુક મુદ્દાઓનો અહેવાલ લખવા ઉપયોગ કરી શકો છો. તેના ચિત્રો દોરી શકો અથવા ફોટોગ્રાફ્સ મૂકી શકો.
    - આબોહવા અને હવામાન
    - લોકોનો પહેરવેશ
    - વૃક્ષો અને છોડ
    - જુદાં-જુદાં પ્રકારનાં મકાનો
    - રસ્તા પર વાહનવ્યવહાર (વાહનોના પ્રકાર)
    - સામાન્ય ખાવાની વસ્તુઓ
    - ભાષા
- રણમાં વૃક્ષો કેમ ઓછાં હોય છે ?

________________________________________

- તમારા કોઈ સગાં-સંબંધી બીજા દેશ (country-કન્ટ્રી)માં રહે છે ? જો હા, તો કયા ?

________________________________________





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



- તેઓ ત્યાં કેટલું રહ્યાં ? તેઓ ત્યાં ભણવા ગયાં હતાં કે કામ માટે ગયાં હતાં ? કે બીજું કોઈ કારણ હતું ?

## આ બધી ચલણી (currency-કરન્સી) નોટો જુઓ :

દરેક નોટના ચિત્રની બાજુમાં આપેલા બૉક્સમાં તેની કિંમત લખો.















Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- આ ચલણ કયા દેશનું છે ? તમે કેવી રીતે જાણશો ?

- તમે નોટો પર કોનું ચિત્ર જોઈ શકો છો ?

- દસ રૂપિયાની નોટ લો અને ધ્યાનથી અવલોકન કરો. તમે નોટ ઉપર કેટલી ભાષાઓ જોઈ શકો છો ?

- નોટ પર આપેલ બૅન્કનું નામ લખો.

## સિક્કાઓનું અવલોકન કરો. આગળ-પાછળની બાજુઓ મુજબ તેમને જોડો :





- કયો સિક્કો જોડાયા વિનાનો બાકી રહે છે ?

- આ સિક્કાઓમાંથી તમે કેટલા ઓળખી શકો છો ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



- સિક્કાઓ ઉપર મૂલ્ય સિવાય બીજું શું લખેલું છે ?

- આ નોટો જુઓ. શું તે બધી ભારતની છે ? જે નોટો ભારતની નથી તેના પર ગોળ કરો. તે કયા દેશની નોટો છે તે શોધી કાઢો.




**શિક્ષક માટે :** ચલણી નોટ પર છાપેલા ક્રમાંકને કારણે નાણું બેવડાતું નથી. આ બાબતની વર્ગમાં ચર્ચા કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in